# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA

NAAC Re-Accreditation CGPA 3.25 Grade - 'A'

Website : www.spuvvn.edu Phone: (02692) 226822/23

**SCHOLARSHIP SECTION**


નં. એન/ સ્કો./૨૦૧૮-૧૯/૭૨૦

તારીખ: ૦૪/૦૫/૨૦૧૮

## અગત્યનું

પ્રતિ,
આચાર્યશ્રીઓ/નિયામકશ્રી,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો.

વિષય: શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા બાબત....

સુજ્ઞશ્રી/સુશ્રી,

ઉપરોક્ત જણાવ્યા અનુસાર તમામ કોલેજોને શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮, SC/ST/OBC(SEBC) શિષ્યવૃત્તિ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ ફરી થી શરૂ કરવામાં આવેલ છે. અને તેની બધી માહિતી **www.digitalgujarat.gov.in** ની વેબ સાઈટ પર મૂકવામાં આવેલ છે.તેમજ આ સાથે બિડાણથી પણ સામેલ છે. તો જો કોઇ વિદ્યાર્થી આ ફોર્મ ભરવાથી વંચીત રહી ગયેલ હોય તેવાં આપની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સંપર્ક કરી અને આગળની કાર્યવાહી હાથ ધરવાની સંપૂર્ણ જવાબદારી કોલેજની પોતાની રહેશે. જેની નોંધ લેવી.

નાયબ કુલસચિવ
શિષ્યવૃત્તિ વિભાગ

**New Announcement about PostMatric Scholarship (SC/ST/OBC)**

## For Students

**વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષમા બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓ માટે Digital Gujarat Portal પર SC/ST/OBC ખાતાની જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવા વિન્ડો તા: ૦૧/૦૫/૨૦૧૮ થી તા:૧૩/૦૫/૨૦૧૮ સુધી વર્ષ ૨૦૧૭-૧૮ની છેલ્લી તક તરીકે ઓપન કરવામાં આવે છે.**

**જેથી જે વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૭-૧૮માં ઓનલાઇન અરજીઓ કરવાનુ બાકી રહી ગયેલ છે, કોઇ કારણોસર અરજી કરી શકેલ નથી કે અન્ય યોજના પસંદ કરી લીધેલ છે, તેવા વિદ્યાર્થીઓએ તા:૦૧/૦૫/૨૦૧૮ થી ૧૩/૦૫/૨૦૧૮ સુધી ઓનલાઇન અરજી કરી શકશે / સુધારી શકશે. આ છેલ્લી તક વિદ્યાર્થીઓને આપવામાં આવે છે હવે પછી સમયમર્યાદામાં કોઇ વધારો કરવામાં આવશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવા વિનંતી છે.**

**ઓનલાઇન અરજી થઇ ગયા બાદ અરજીની પ્રિન્ટ લઇ તમામ સાધનિક કાગળો સહિતની અરજી તાત્કાલિક સંબધિત શાળા/કોલેજ/સંસ્થાને આપવાની રહેશે.**

**New Announcement About PostMatric/PreMatric Scholarship (SC/ST/OBC) For School/College/Institutes**

## For Post Matric (For Year 2017-18 Only)

૧. પોસ્ટમેટ્રીક યોજનાઓ અંતર્ગત શાળા/કોલેજ/સંસ્થાઓએ વિદ્યાર્થીઓએ કરેલ Online અરજીઓની હાર્ડકોપી સાધનિક કાગળો સહિત વિદ્યાર્થીઓ પાસેથી તાત્કાલિક મેળવી તેની ચકાસણી કરી શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં Pending Application માંથી Online ફોરવર્ડ કરી તાત્કાલિક Higher Authorityને મોકલી આપવાની રહેશે. સમયમર્યાદા વધારવાના કારણે જે અરજીઓ હવે શાળા/કોલેજ/સંસ્થામાં આવે તે અરજીઓ સહિતની બધી અરજીઓ મોડામાં મોડા તા:૧૬/૦૫/૨૦૧૮ સુધીમાં સબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે. જો તા:૧૬/૦૫/૨૦૧૮ પહેલા તમામ ઓનલાઇન અરજીઓ મળી જાય તો શૈક્ષણિક સંસ્થાઓએ તા:૧૬/૦૫/૨૦૧૮ની રાહ ન જોતા હાર્ડકોપી સહિતની દરખાસ્તો સંબધિત કચેરીને મોકલી આપવાની રહેશે.

૨. સંબધિત SC/ST/OBC કચેરી દ્વારા Return કરેલ અરજીઓ વિદ્યાર્થીઓને Online પરત કરી વિદ્યાર્થીઓની અરજીમાં પૂર્તતા કરાવી પુન: શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં મેળવી ઉપર (૧) મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૩. Online ફોરવર્ડ કરેલ અરજીઓની હાર્ડકોપી સંબધિત જિલ્લા કચેરીને તાત્કાલિક મોકલી આપવાની રહેશે.

૪. અધુરા ડોક્યુમેન્ટ Upload કરેલ હોય તેવા વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીઓ શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએથી જ પૂર્તતા કરાવી લેવાની રહેશે અને ફરજીયાત હોય તેવા તમામ ડોક્યુમેન્ટ Upload કરાવી લેવાના રહેશે. તમામ ડોક્યુમેન્ટ Upload થઇ જાય ત્યારબાદ હાયર ઓથોરીટીને અરજીઓ સેન્ડ કરવાની રહેશે

૫. કોઇ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહી જશે તો અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે જેની નોંધ લેશો.

## For Pre-Matric (For Year 2017-18 Only)

૧. પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮ માટે જે પ્રાથમિક/માધ્યમિક શાળાઓની દરખાસ્તો બનાવવાની રહી ગયેલ છે કે સેન્ડ કરવાની રહી ગયેલ છે તે તમામ શાળાઓને પણ તા: ૧૬/૦૫/૨૦૧૮ પહેલા તમામ કામગીરી પૂર્ણ કરી દરખાસ્તો ઓનલાઇન ફોરવર્ડ કરવા જણાવવામાં આવે છે. આ છેલ્લી તક હોય તમામ કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

૩. વિધાર્થીઓના બેંક એકાઉન્ટ, આઇ.એફ.એસ.સી કોર્ડની વિગતો નાખતી વખતે પાસબુક સાથે Match કરીને જ નાખવા ખાસ સૂચના આપવામાં આવે છે.

૨. કોઇ વિધાર્થી શિષ્યવૃતિથી વંચિત રહી જશે તો અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે જેની નોંધ લેશો.